# રૂપાલ અને ગાંભોઈ પંથકમાં ગાજવીજ સાથે દોઢ કલાકમાં દોઢ ઈંચ વરસાદ



સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ગાંભોઈ તેમજ રૂપાલ પંથકના ગાંધીપુરા, ખેડ, ચાંપલાનાર, વાવડી, ભાવપુર, મનોરપુર, હાથરોલ વગેરે ગ્રામ્ય વિસ્તારોમાં સોમવારની વહેલી સવારે આઠ વાગ્યાના સમયે ગાજવીજ સાથે દોઢ કલાકમાં દોઢ ઈંચ વરસાદ ખાબકતા ખેતરોમાં વાવેલ કપાસ, મકાઈ, મગફળી જેવા પાકોમાં પાણી ભરાઈ ગયા હતા. સીઝનના પ્રથમ રાઉન્ડના વરસાદે વિરામ લીધા બાદ છેલ્લા ચાર દિવસથી ઉઘાડ નીકળતા ખેડૂતવર્ગ આંતરખેડ, ઈયળ અને અન્ય જીવાતોના નિયંત્રણ માટે દવાસ્પ્રે જેવા કાર્યમાં જોતરાંતા ખેત સીમાડાઓ ધમધમવા લાગ્યા હતા. પરંતુ સોમવારે વહેલી સવારે આકાશે ફરી કાળા ડિબાંગ વાદળો ઘેરાતાં ઓચિંતા ખાબકેલ ભારે વરસાદના પગલે ખેડૂતો મુઝવણમાં મુકાયા હતા.

# ડીસામાંથી ૮ અને રસાણા પાસેથી ૭ જુગારીયા ઝડપાયા





બનાસકાંઠા જિલ્લામાં પવિત્ર શ્રાવણ મહિનામાં જુગાર રમવાની વણલખી પ્રથા પડી ગઈ છે. તેથી ઠેરઠેર શ્રાવણીયો જુગાર રમાઈ રહ્યો છે પરંતુ પોલીસ દરોડા પાડી જુગારીયાઓના રંગમાં ભંગ પાડી રહી છે ત્યારે દક્ષિણ પોલીસે મળેલ બાતમી આધારે શહેરના હાઈવે ઉપર આવેલ માર્કેટયાર્ડની પેઢી નં.૨૮૪ ઉપર અચાનક દરોડો પાડી જુગાર રમતા આઠ શખ્સોને રંગેહાથ ઝડપી લીધા હતા. પોલીસે તેમની પાસેથી રોકડ રૂ.૫૨,૩૦૦ પણ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.જ્યારે વધુ એક બનાવમાં ડીસા તાલુકાના રસાણા ગામ પાસે આવેલ એક ખેતરમાં જુગાર રમતા હોવાની બાતમી મળતા જ એલસીબીની ટીમે દરોડા પાડ્યા હતા અને વિષ્ણુજી ઠાકોરના ખેતરમાં તપાસ કરતા સાત શખ્સો જુગાર રમતા ઝડપાઈ ગયા હતા, જ્યારે એક શખ્સ પોલીસને જોઈ ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો. પોલીસે સાત જુગારીયાઓ તેમજ તેમની પાસેથી જુગારના સાહિત્ય, ૪ મોબાઈલ સહિત ૩૭,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે અને તમામ જુગરિયાઓને ડીસા તાલુકા પોલીસને સોંપ્યા છે.

# આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે તિરંગા વિતરણ



આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન (વિશ્વ ઉમિયા ધામ) - જાસપુર, અમદાવાદ સંસ્થાના પ્રમુખ માન. શ્રી આર પી. પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય ભાવનાને ઉજાગર કરવા "હર ઘર તિરંગા" અંતર્ગત ૭૫ હજાર તિરંગા વિતરણ અને "પર્યાવરણ બચાવો" અભિયાન અંતર્ગત ૭૫ હજાર વૃક્ષારોપણ નો શુભારંભ તા. ૩૧ જુલાઈ, ૨૦૨૨ ના રોજ માન. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ ના હસ્તે સંપન્ન થયેલ છે. આ કાર્યક્રમ અંતર્ગત તા. ૧૩ થી ૧૫ ઓગસ્ટ ના રોજ રાષ્ટ્રધ્વજ દરેક ઘરે લહેરાય તે માટે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન સાબરકાંઠા જિલ્લા ના સંગઠનની ત્રણેય પાંખના કાર્યકર્તા ઓ દ્વારા આજ રોજ તા. ૦૭ ઓગષ્ટ ૨૦૨૨ ના રોજ હિંમતનગર ખાતે ઉમિયા માતાજી મંદિર થી શોભાયાત્રા નીકળી અને શહેરના રસ્તાઓ પર થી મહાવીરનગર ચાર રસ્તા પાસે ધ્વજ વિતરણ નો કાર્યક્રમ સંપન્ન થયો જેમાં વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન ની કેન્દ્રીય સંગઠન સમિતિમાં થી યુથ કાઉન્સિલ ના ચેરમેન વસંતભાઈ ધોળુ તથા મુકેશભાઈ એ પટેલ (ઉત્તર ઝોન પ્રભારી તથા સાબરકાંઠા જિલ્લા વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન ચેરમેન ), સંજયભાઈ ડી પટેલ (પોગલુ) ( સભ્ય,કેન્દ્રીય સંગઠન સમિતિ તથા સાબરકાંઠા જિલ્લા વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન પ્રભારી) તથા સમગ્ર સાબરકાંઠા જિલ્લા અને તમામ તાલુકાની સંગઠન ની ટીમો હાજર રહેલ. આ પ્રસંગ ને શોભાવવા માટે જિલ્લા ના મહાનુભાવો માં હિંમતનગર વિધાનસભા સીટ ના ધારાસભ્ય શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા, કોંગ્રેસ ના જિલ્લા પ્રમુખ શ્રી કમલેશભાઈ પટેલ તેમજ હિંમતનગર પાલિકાના પ્રમુખ શ્રીમતી યતીનબેન મોદી તથા અન્ય કોર્પોરેટર હાજર રહ્યા હતા.

# અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખની મનમાની સામે યુવા મોરચામાં પણ અસંતોષનો ઉકળતો ચરૂ

## યુવા મોરચાના અનેક હોદ્દેદારોની અવગણના થતી હોવાની હૈયાવરાળ, પ્રદેશ સુધી ફરિયાદ પહોંચી

ગાંધીનગર, તા.૦૮

કોઈપણ વ્યક્ત પક્ષ કરતાં જ્યારે પોતાને મહાન ગણતો થાય ત્યારે પતન નિશ્ચિત બનતું હોય છે. અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખની મનમાની સામે કેટલાક વિસ્તારોમાં અસંતોષ સામે આવ્યા પછી હવે અરવલ્લી જિલ્લા ભાજપ યુવા મોરચામાં પણ મનમાની સામે અસંતોષનો ઉકળતો ચરૂ ગાંધીનગર વાયા કમલમ્ પહોંચ્યાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. જિલ્લામાં પક્ષ દ્વારા અપાતા કાર્યક્રમોને સફળ બનાવવામાં યુવા મોરચાનો સિંહ ફાળો હોવા છતાં માત્ર એકાદ-બે વ્યક્તિ જ પોતે જ આ કર્યું છે તેવા આડંબર શરૂ કરતાં યુવા મોરચાના અનેક હોદ્દેદારોની વર્તમાન ભાજપના જિલ્લાના મુખ્ય સંગઠનમાં અવગણના થતી હોવાની ફરિયાદ પ્રદેશ સુધી ફરિયાદના રૂપમાં પહોંચી છે.

અરવલ્લી જિલ્લામાં વિધાનસભાની ચૂંટણી નજીક આવતાં ખાસ કરીને જિલ્લા ભાજપ સંગઠનના મુખિયાની હું કહું અને કરૂ તે જ સાચું તેવી ભ્રમણાના કારણે બાયડ, ભિલોડા, મોડાસા સહિતના તાલુકાઓમાં ભાજપના શિસ્તબદ્ધ કાર્યકરોમાં હવે રોષ પ્રવર્તિ રહ્યો છે. ભાજપ શાસિત બાયડ નગરપાલિકામાં છેલ્લા ૧૭ મહિનાના શાસનમાં અનેક પદાધિકારીઓને થતા અન્યાય બાબતે જિલ્લા સંગઠન પ્રમુખે આંખ આડા કાન કર્યા અને ત્યાર પછી બાયડ પાલિકા પ્રમુખ દ્વારા મનસ્વી વહીવટ કરતાં કારોબારી સભામાં તેનો અસંતોષ સામે આવ્યો. ભાજપના ૪ સભ્યોએ વિરોધ કર્યાની વિગતો હોવા છતાં તેમની સામે જિલ્લા સંગઠને યોગ્ય પગલાં ભરવાના બદલે ખુલ્લેઆમ છાવરવામાં આવતા હોવાનું હવે પ્રજ્ઞાચક્ષુઓ પણ સમજી શકે તેવા સત્યને સંગઠન નજર અંદાજ કરી રહ્યું છે. જ્યારે કારોબારી બેઠક પછી એક મહિના પછી યોજાયેલી બાયડ પાલિકાની સામાન્ય સભામાં ૧૦ પૈકી ૪ કામમાં ૬ સભ્યોએ આગામી સભા સુધી કામ પેન્ડીંગ રાખવાની વાત જણાવતાં બહુમતથી તેનો સ્વીકાર થયો અને જિલ્લા સંગઠન પ્રમુખે ધડાધડ ૬ સભ્યોને કારણદર્શક નોટિસ આપી ખુલાસો પૂછતાં ભાજપના બહુમત કાર્યકરો સમસમી ઉઠ્યા છે. કહેવત છે કે થૂવેર તેના ભારથી ભાંગી પડે છે. હવે જિલ્લા સંગઠન પ્રમુખ રાજેન્દ્ર જે. પટેલ(આંજણા) સામે જ સંગઠનની અન્ય પાંખોમાં વિદ્રોહ જેવી સ્થિતિ પ્રવર્તિ રહી છે. જિલ્લા ભાજપ યુવા મોરચાના કેટલાક હોદ્દેદારો સંગઠન પ્રમુખ રાજેન્દ્ર ચૌધરીના વાણી અને વર્તનથી નાખુશ હોવાની ગરમા ગરમ લોક ચર્ચા વચ્ચે દોઢ પાનાની ફરિયાદ પ્રદેશ સુધી પહોંચ્યાની પણ ગપશપ શરૂ થઈ છે. આવનારા દિવસોમાં પ્રદેશ સંગઠન જિલ્લા પ્રમુખની મનમાની ઉપર અંકુશ નહીં લાવે તો દેખાયેલો ધુમાડો આગમાં પરીવર્તિત થતાં વાર નહીં લાગે તે નિશ્ચિત છે.

# બાયડમાં વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના ઉપક્રમે આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે ૫૦૦ તિરંગાઓનું વિતરણ

## જિલ્લા-તાલુકા સંગઠનના હોદ્દેદારો સહિત બાયડ નગરપાલિકા કારોબારી અધ્યક્ષ ઉપસ્થિત રહ્યા

બાયડ (બ્યૂરો ઓફિસ), તા.૦૮

આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન જાસપુર-અમદાવાદ દ્વારા ૭૫ હજાર તિરંગા અને પર્યાવરણ બચાવવા ૭૫ હજાર વૃક્ષારોપણનો સંકલ્પ લીધા પછી પરીપૂર્ણ કરવા તરફ આગળ વધી રહ્યા છે. રવિવારે બાયડના બસ સ્ટેશન વિસ્તારમાં વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના ઉપક્રમે ધ્વજદંડ સહિત ૫૦૦ તિરંગાઓનું વિનામૂલ્યે વિતરણ કરાતાં બાયડના નગરજનોએ ઉપસ્થિત રહી તિરંગા લઈ પોતાના રહેઠાણના સ્થળે ફરકાવ્યા હતા. કાર્યક્રમમાં અરવલ્લી જિલ્લા વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના પ્રમુખ મયૂર પટેલ(ચોઈલા), બાયડ તાલુકા પ્રમુખ વિમલ બી. પટેલ સહિત હોદ્દેદારો અને બાયડ નગરપાલિકા કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ સહિત અન્ય હોદ્દેદારો અને વિવિધ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.



પ્રાપ્ત જાણકારી અનુસાર હર ઘર તિરંગાના અભિયાનથી રાષ્ટ્રીય ભાવનાને ઉજાગર કરવા વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન-અમદાવાદ દ્વારા પણ તિરંગા વિતરણ અને પર્યાવરણ બચાવો અભિયાનનો પણ તા.૩૧ જુલાઈથી મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે શુભારંભ થયો છે. કાર્યક્રમ હેઠળ ૧૩ થી ૧૫ ઑગષ્ટના રોજ રાષ્ટ્રધ્વજ દરેક ઘરે લહેરાય તે માટે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન અરવલ્લી જિલ્લાના સંગઠનની ત્રણેય પાંખના કાર્યકર્તાઓ તેમજ બાયડ તાલુકાની સંગઠન પાંખ દ્વારા શોભાયાત્રા સાથે તિરંગા વિતરણનો કાર્યક્રમ ગત રોજ બાયડમાં યોજવામાં આવ્યો હતો જેમાં અરવલ્લી જિલ્લા વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના પ્રમુખ મયૂર પટેલ, મહિલા પ્રમુખ નિશાબેન પટેલ, બાયડ તાલુકા પ્રમુખ વિમલ પટેલ, મહિલા પ્રમુખ ભાવનાબેન પટેલ, પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા, લાયન્સ-લીઓ, જાયન્ટ્સ ગૃપના સભ્યો, બાયડના વહેપારી આગેવાનો, વિવિધ સમાજના અગ્રણીઓ વગેરેની ઉપસ્થિતિમાં તિરંગા વિતરણ કાર્યક્રમ યોજાયો હતો અને માત્ર ગણતરીના ૧ કલાકમાં જ ૫૦૦ તિરંગાઓનું વિના મૂલ્યે વિતરણ કરી રાષ્ટ્રીય ભાવનાને ઉજાગર કરવાનો પ્રયાસ કર્યો હતો. જિલ્લા સંગઠન પ્રમુખ મયૂર પટેલે જણાવ્યું કે દરેક તાલુકામાં આ રીતે તિરંગાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

# "ઈડી" નામનું વાવાઝોડું કોંગ્રેસ અને સાથી પક્ષો દ્વારા મોંઘવારીમાં ભીડાયું...

## થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ...

બાયડ તા.૮

મુદ્દો મોંઘવારીનો હોય, બેરોજગારી હોય કે પછી ભ્રષ્ટાચારનો હોય દરેક વિષય જરૂર ચિંતાજનક છે. પરંતુ જ્યારે "ઈડી" નામની સરકારી એજન્સી જ્યારે વિવિધ જગ્યાએ છાપા મારીને કાળા નાણાંના રૂપિયાઓના ઢગલાને ઢગલા પકડી રહી છે ત્યારે આપણે શા માટે દુ:ખી થવું જોઈએ?? પકડાયેલા કરોડો રૂપિયા સરકારની તીઝોરીમાં જ જમા થવાના છે ને?? હા, આ પકડાયેલા રૂપિયા કોઈ અધિકારીઓના ઘરમાં જતા હોય તો જરૂર હોબાળો કરી શકાય!! શુ ઈડી દ્વારા સોનિયા ગાંધી તેમજ રાહુલ ગાંધીને હેરાલ્ડ મુદ્દે પૂછપરછ થઈ રહી છે એટલે ?? કે પછી મમતા સરકારના મંત્રીઓના ત્યાંથી કરોડોનો ઢગલો પકડાયો એટલે?? ઈડી એનું કામ કરે છે તે કરવા દેવું જોઈએ, પોતે સાચા હોઈએ તો ડરવાની ક્યાં જરૂર છે?? "ઈડી" સામે પ્રશ્ન ઉઠાવવો એ વ્યાજબી નથી... સરકારનું ઈરાદાપૂર્વકનું કૃત્ય છે એવું બોલનારાઓએ વિચારવું જોઈએ કે તમારા નેતાઓના ત્યાં જે રૂપિયાના ઢગલા પકડાયા છે એ ઈરાદાપૂર્વકની ચોરી નથી?

ભ્રષ્ટાચાર અને કાળા નાણાં પકડવા ઈડીએ તરાપ મારી છે તો ઈડીના વખાણ કરવા જોઈએ!! સરકાર અને ઈડીને પ્રોત્સાહિત કરવી જોઈએ પણ આ તો ઉલટાનું કોંગ્રેસ સહિતના વિપક્ષ સરકારની ભૂલો શોધવામાં પડ્યા છે!! ઈડીની તપાસની વિરોધમાં સોનિયાજી અને રાહુલજીને બચાવવા રસ્તા ઉપર ઉતરી આવવું કોંગ્રેસને શોભતું નથી... પોતાના નેતાને બચાવવામાં પક્ષની શાખ ઘટી રહી છે એ કોંગ્રેસને કોણ સમજાવે? ઈડી ઉપરથી સરકારનું અને જનતાનું ધ્યાન ભટકાવવાના પુરા પ્રયાસ કોંગ્રેસ દ્વારા થઈ રહ્યા છે જે શોભસ્પદ નથી!! મોંઘવારી અને બેરોજગારીના મુદ્દાઓને દૂર દૂર સુધી ઈડી જોડે કોઈ લેવાદેવા નથી... હા, અલગથી મોંઘવારીના મુદ્દે જરૂરથી ડિબેટ કરી શકાય...

ટીવી ચેનલ ઉપર ડીબેટમાં બેઠેલા કોંગ્રેસના નેતાઓ અહીંયા પણ ફસાતા નજરે પડ્યા. ટીવી એંકર ખુદ એક સ્માર્ટ પત્રકાર હોય છે. ટીવી ડીબેટમાં મોંઘવારીનો મુદ્દો કોંગ્રેસ દ્વારા ઉઠાવવામાં આવ્યો તો બીજે દિવસે જે તે ન્યૂઝ ચેનલના સ્માર્ટ પત્રકારો મનમોહનસિંહજીની સરકારના પાંચ વર્ષ અને મોદીજીની સરકારના છેલ્લા પાંચ વર્ષમાં જીવન જરૂરિયાતની તમામ ચીજવસ્તુઓ ઉપર થયેલી મોંઘવારી ટકાવારીમાં સંપૂર્ણ ડેટા લઈને આવ્યા અને કોંગ્રેસની બોલતી બંધ કરી દીધી પણ તેમના નેતાઓ સ્વીકાર કરે તો કોંગ્રેસ નામ બદલવું પડે!! વિવિધ પત્રકારોના મોંઘવારીના ડેટા જોતા એવું લાગ્યું કે મોંઘવારી તો મનમોહનસિંહની સરકારમાં ખૂબ વધતી હતી જ્યારે મોદીજીની સરકારમાં મોંઘવારી જરૂર વધી છે પણ મોંઘવારીનો આંક યુપીએ સરકાર કરતા ગણો નીચો છે!! કોંગ્રેસ વખતે અને ભાજપ વખતે મોંઘવારી વધતી જ જાય છે તેવું જાણીને હરખપદુડા અખિલેશજીના સપા પક્ષના પ્રવક્તા અનુરાગજી ગેલમાં આવી ગયા પણ તે ભૂલી ગયા હતા કે યુપીએ સરકારમાં તેમની પણ હિસ્સેદારી સરકારમાં હતી!!

ભ્રષ્ટાચાર મુદ્દાને ભટકાવવાની કોશિશ જોયા પછી મને તો એવું લાગ્યું કે કોંગ્રેસ ભૂલથી પણ પોતાના પક્ષની સરકાર વખતે થયેલી ભૂલો ક્યારેય નહીં સ્વીકારે!! ગાંધી પરિવાર માટે કોંગ્રેસ નેતાઓને એટલું ઘેલું છે કે તેમને ગાંધી પરિવારમાં દેવતાના દર્શન થાય છે... કોંગ્રેસ નેતાઓ જરૂર પડે તો એકવારને માટે પોતાના માબાપને ખરા ખોટા કહી શકે અથવા ત્યજી શકે પણ રાહુલબાબા કે સોનિયાદેવીને કદાપિ નહિ!! કોંગ્રેસના નેતાઓને કઈ મજબૂરી નડે છે તે ખબર પડતી નથી પણ તેમનો ગાંધી પરિવાર તરફનો મોહ કોંગ્રેસને બહૂજ જલ્દી ડુબાડી દેશે તેવું લાગી રહ્યું છે!! "ઈડી" માં લપસેલી કોંગ્રેસ મોંઘવારીમાં જઈને ફસાઈ જવાની છે તે નક્કી છે...

# જિલ્લામાં શ્રાવણ માસ શરૂ થતાં ફળના ભાવ ઉંચકાયા

## માંગ વધતાં ભાવને અસર : કેળાંના ભાવમાં રૂા.૫-૧૦ નો વધારો

બાયડ (બ્યૂરો ઓફિસ), તા.૦૮

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં શ્રાવણ માસ શરૂ થતાં ફળના ભાવમાં વધારો ઝીંકાયો છે. ભગવાન ભોળાનાથના ભક્તો શ્રાવણ માસના ઉપવાસ રાખી માત્ર ફળાહાર આરોગતા હોવાથી માંગ વધતાંની સાથે ફળના વેપારીઓએ ભાવમાં વધારો કરી દીધો છે. ખાસ કરીને શ્રાવણ માસમાં કેળાંનું વેચાણ વધતાં કીલો દીઠ રૂા.૫ થી ૧૦નો ભાવ વધારો થયો છે.

વર્ષ દરમ્યાન આવતા ધાર્મિક તહેવારોમાં મોંઘવારીના ડગલેને પગલે દર્શન થતા હોય છે. અગાઉ રમઝાન મહિનામાં ફળના ભાવ ઉંચકાયા પછી ફળફળાદી માંડ સસ્તી થઈ હતી ત્યાં શ્રાવણ માસ શરૂ થતાંની સાથે કેળાં સહિતનાં ફળ મોંઘાં બનવા લાગ્યાં છે. જિલ્લામાં શિવ ઉપાસકો આખો મહિનો ઉપવાસ કરતા હોવાથી



ફળાહાર કરી ઉપાસનામાં લીન થતા હોય છે જેથી શ્રાવણના પ્રથમ દિવસથી તમામ વિસ્તારોમાં કેળાં સહિતના ફળોની માંગ વધતાં ભાવને અસર થઈ છે. જિલ્લામાં ફળોના ભાવમાં વધારો થતાં ઉપવાસીઓની અન્ય ફરાળી વાનગી આરોગી એક ટાણું કરવું પડે તેવી સ્થિતિ જોવા મળી રહી છે. જિલ્લામાં શ્રાવણ માસમાં ખાસ કરીને કેળાંની માંગ વધુ રહેતી હોવાથી ભાવમાં વધારો થયો છે. જ્યારે ભારે વરસાદને કારણે જમ્મુ-કાશ્મીરથી આયાત થતા સફરજનની આવકમાં ઘટાડો નોંધાતાં ભાવ પણ હમણાંથી ઉંચકાયા છે. ચોમાસાની સીઝનમાં લીલા શાકભાજીના ભાવ ભડકે બળી રહ્યા પછી શ્રાવણ માસ દરમ્યાન શરીર માટે ગુણકારી ફળના ભાવ પણ વધી જતાં વધતી જતી મોંઘવારીમાં આમ પ્રજા સહિત ઉપવાસીઓએ ખાવું શું..?? તે સવાલ સૌને સતાવી રહ્યો છે.

### તહેવારો શરૂ થયા છતાં ફરસાણના ભાવ ન બંધાયા

# સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં તહેવારો ટાંકણે ફરસાણના ભાવમાં તેજી

## તેલ, બેસનના ભાવ ઘટ્યા છતાં ભાવ ઉંચા

બાયડ (બ્યૂરો ઓફિસ), તા.૦૮

તહેવારો નજીક આવે એટલે ગરીબ અને મધ્યમ પરિવારોને પોશાય તે રીતે સસ્તા ભાવે ફરસાણ મળી રહે તેવી આગોતરી વ્યવસ્થા પુરવઠા વિભાગને ગોઠવવાની હોય છે પરંતુ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં શ્રાવણ માસના તહેવારો શરૂ થઈ ગયા હોવા છતાં ફરસાણનું ભાવ બાંધણું ન થતાં ભાવમાં તેજી જોવા મળી રહી છે. તેલ અને બેસનના ભાવ ઘટ્યા હોવા છતાં ફરસાણના ભાવ ઉંચા રહ્યા છે.

ખાદ્ય ચીજવસ્તુઓમાં વધતી જતી મોંઘવારીના કારણે ગરીબ-મધ્યમ વર્ગનું જીવન દુષ્કર્મ બની જતાં તહેવારોનો આનંદ ઓસરાઈ જાય તેવી સ્થિતિ ઘણા લાંબા સમયથી જોવા મળી રહી છે. તેલના ભાવ ભડકે બળતા હોય ત્યારે સ્વાભાવિક રીતે ફરસાણ મોંઘુ બની જતું હોય છે પરંતુ જિલ્લામાં તેલ તો ઠીક પરંતુ છેલ્લા કેટલાય સમયથી બેસનના ભાવ ઘટ્યા હોવા છતાં ફરસાણના ભાવ ઉંચા રહ્યા છે. સામાન્ય રીતે તહેવારો સમયે ગરીબ અને મધ્યમ વર્ગને પોશાય તે રીતે નક્કી કરતું હોય છે. ફરસાણના વેપારીઓ સાથે બેઠક યોજી તહેવારો નિમિત્તે ભાવમાં ઘટાડો કરાતો હોય છે પરંતુ બંન્ને જિલ્લામાં આવી કોઈ કામગીરી થઈ ન હોય તેમ શ્રાવણ માસના તહેવારો એક પછી એક શરૂ થયા હોવા છતાં ફરસાણના ભાવ સાંભળી મોંઢામાંથી સીસકારો નિકળી જાય તેવી સ્થિતિ છે. જિલ્લામાં ફરસાણ વેચતા વેપારીઓ સામે પુરવઠા વિભાગ દર વર્ષે સાતમ-આઠમના તહેવારો અગાઉ બેઠક યોજી ભાવ બાંધણું નક્કી કરતું હોય છે અને તે પ્રમાણે વેપારીઓ તહેવારોને ધ્યાનમાં રાખી કીલો દીઠ રૂા.૪૦ થી ૬૦નો ઘટાડો કરતા હતા જેથી ગરીબ પરિવારો પણ આસાનીથી ફરસાણ ખરીદી શકતા હતા પરંતુ આ વખતે ફરસાણના ભાવમાં જરાય ઘટાડો જોવા મળ્યો નથી જેથી ગરીબ-મધ્યમ પરિવારો માટે તહેવારોમાં ફરસાણ ખરીદવું દોહ્યલું બની ગયું છે.

# બનાસકાંઠામાં રવિવારે ફરજ ઉપર હાજર ન રહેનારા ૩૨ મલ્ટીપર્પઝ હેલ્થ વર્કરને છુટા કરવાની નોટિસ થી ચકચાર..

## ધાનેરા વિસ્તારમાં રોગ નિયંત્રણ કામગીરી માટે રવિવારે ફરજ ઉપર બોલાવાયા હતા

પાલનપુર તા. ૮

બનાસકાંઠા જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગમાં રાજદિપ એજન્સીના કોન્ટ્રાકટ બેજ ઉપર ફરજ બજાવતાં કર્મચારીઓ ગત તારીખ સાતમી ઓગસ્ટ ૨૦૨૨ ના રોજ રવિવારે ગેરહાજર રહેતા તમામ ને છુટા કરવા નોટિસ અપાઈ હતી. જેને લઈને બનાસકાંઠા જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગમાં ભારે ચકચાર મચી જવા પામી છે. આ અંગે વધુ વિગતો આપતા અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ વધુમાં જણાવે છે કે, બનાસકાંઠા જિલ્લાના ધાનેરાપંથકમાં રોગચાળા નિયંત્રણ માટે આરોગ્ય વિભાગ દ્વારા મલ્ટીપર્પઝ હેલ્થ વર્કરોને ફરજ ઉપર બોલાવવામાં આવ્યા હતા. જ્યાં તાલુકા આરોગ્ય અધિકારીએ ઓચિંતી તપાસ કરતાં ૩૨ કર્મચારીઓ હાજર મળ્યા ન હતા. જેમને તાત્કાલિક અસરથી છુટા કરવા માટે નોટિસ આપી

### કર્મચારીઓએ ફરજમાં બેદરકારી દાખવી

૧. નિરવકુમાર જી. સોલંકી - મોટામેડા
૨. હાર્દિકકુમાર એ. ગેલોત - ભાટીબ
૩. રાહુલકુમાર એસ. પ્રભાકર - જીવાણા
૪. એન. પી. રાજપૂત - માલોત્રા
૫. પી. બી. માળી - અનાપુરગઢ
૬. એન. પી. ચૌધરી - એડાલ
૭.વી. ડી. શ્રીમાળી - રવિયા
૮. યોગેશ આર. પરમાર- શીયા
૯. કલ્પેશ જી. બારોટ - આલવાડા
૧૦. ભરતભાઈ એમ. પ્રજાપતિ - રૂણી
૧૧. મયુર આર. પરમાર - વાછડાલ
૧૨. કે. એન. પરમાર - વિરોલ
૧૩. રમેશકુમાર શ્રીમાળી - અનાપુરછોટા
૧૪. વિજય જે. પરમાર - કુંડી
૧૫.અમિતકુમાર પી. પરમાર - રવિ
૧૬.નિતેશકુમાર જે. મકવાણા - સોડાલ
૧૭. નરેશ વી. જગાણીયા - વાછોલ
૧૮. કે. ડી. મકવાણા - વાછડા
૧૯.અશોકભાઈ એચ. ચૌધરી - ધરણોધર
૨૦. વી. એચ.ગુર્જર - ધરણોધર
૨૧.વી. એન. સોલંકી - ડુગડોલ
૨૨. એમ. એસ. ગોહિલ - ડુગડોલ
૨૩. જે.વી. પરમર - શેરગઢ
૨૪. એસ. એસ. અધારિયા- વાસણ
૨૫. એન. એમ. ચૌધરી - ખીંમત
૨૬. આર. એન. પરમાર - સિલાસણ
૨૭.એન. બી. પરમાર - ઉમેદપુરા
૨૮.જીતેન્દ્રભાઈ આઈ. ફાગુદરિયા - વાલેર
૨૯.મુકુલ આર. પરમાર - થાવર
૩૦. વિપુલ એસ. પરીખ - લવારા
૩૧. ગોવિંદ એસ. ઠાકોર - રામપુરામોટા
૩૨.બંકીમચંદ્ર પી. પ્રિયદર્શી- રામપુરામોટા

કોન્ટ્રાકટ એજન્સીને જાણ કરવામાં આવી હતી.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના ઉપરાંત વાયરલ ફિવરની બિમારી પ્રસરી છે. ખાસ કરીને ગ્રામિણ વિસ્તારોમાં ઘરે ઘરે તાવ, શરદી, ખાંસીના કેસ જોવા મળી રહ્યા છે. જ્યાં જિલ્લા આરોગ્ય અધિકારીની સૂચનાથી અર્બન હેલ્થ સેન્ટર ધાનેરાના સેજામાં આવતા વિસ્તારમાં સઘન અને ધનિષ્ઠ પોરાનાશક કામગીરી અને સર્વેલન્સ કામગીરી કરવા માટે હાજર રહેવા આદેશ કરાયો હતો. આ અંગે ડો. જીજ્ઞેશ હરિયાણીએ જણાવ્યું હતુ કે, આ સેજામાં અધિકારી દ્વારા તપાસ કરવામાં આવી હતી. જ્યાં ૩૨ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર ફરજ ઉપર હાજર જણાયા ન હતા. આથી તેઓની ફરજ પ્રત્યે નિષ્કાળજી અને બેદરકારી જણાતાં અત્રેથી છુટા કરી રાજદીપ એજન્સી હસ્તક પરત કરવા આદેશ કરવામાં આવ્યો છે. આરોગ્ય વિભાગની આ કાર્યવાહીને કારણે ફરજમાં ગુલ્લી મારતાં કર્મચારીઓમાં ફફડાટ પ્રસર્યો છે.

# ડીસા શહેર યુજીવીસીએલ પેટા વિભાગીય કચેરીના કર્મચારીઓને વિદાયમાન



ડીસા, તા. ૮

ગત તા.૬.૮.૨૦૨૨ ના રોજ યુજીવીસીએલ, ડીસા શહેર પેટા વિભાગીય કચેરીના નાયબ ઈજનેર એચ.આર. બબેરલાલ તથા જુની.આસી. દીપાલીબેન બધેકાની બદલી થતાં તેઓની વિદાયનો કાર્યક્રમ કાર્યપાલક ઈજનેર આર.જી.બામણિયાની અધ્યક્ષતામાં શુભમ પાર્ટી પ્લોટ ડીસા ખાતે યોજાયો. સદર પ્રસંગે ચંદુભાઈ એટીડી રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા, બળદેવભાઈ રાયકા, મહેશભાઈ મનવર અને ભરતભાઈ શર્મા દ્વારા " બેટી બચાવો, બેટી પઢાવો" અંતર્ગત દિપાલીબેનને મોમેન્ટ આપી અભિવાદન કર્યું હતું.અધિકારીગણે તેમની ફરજ નિષ્ઠાને બિરદાવી હતી.વિદાય કાર્યક્રમનું સફળ સંચાલન મહેન્દ્રભાઈ સુંઢીયા દ્વારા કરવામાં આવ્યું હતું.